મંગળવાર, 16 ડિસેમ્બર, 2025 માગશર વદ બારસ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## સુરત: અડાજણ મંદિરે ભિક્ષુક અભિયાનમાં હૃદયદ્રાવક દ્રશ્યો, કર્મચારીએ વૃદ્ધાને ઢસડીને માર માર્યો

સુરત શહેરના અડાજણ વિસ્તારમાં આવેલા શ્રી મહાકાલેશ્વર મંદિરની બહાર 'ભિક્ષુક મુક્ત અભિયાન' અંતર્ગત ચાલી રહેલી રેસ્ક્યુ કામગીરીમાં એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. ભિક્ષુક ગૃહની ટીમમાં સામેલ એક મહિલા કર્મચારીએ બે લાચાર અને વૃદ્ધ ભિક્ષુક મહિલાઓ સાથે જે અમાનવીય વર્તન કર્યું, તેના CCTV ફૂટેજ સોશિયલ મીડિયા પર વાઇરલ થતાં સમગ્ર શહેરમાં આક્રોશ ફેલાયો છે. ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, મહિલા કર્મચારી દિવ્યાબેન સોનવણે સૌ પ્રથમ એક વૃદ્ધ મહિલાને અત્યંત નિર્દયતાથી પકડીને પોલીસ વાન તરફ ખેંચી હતી. ત્યારબાદ, તેમણે બીજી વૃદ્ધાના કપડાં ખેંચ્યા, હાથ પકડીને તેમને રસ્તા પર ઢસડી અને માર માર્યો હતો. એક વૃદ્ધ અને અશક્ત મહિલા પર આ રીતે હાથ ઉપાડવાથી આ કર્મચારીએ માનવતાની તમામ હદો વટાવી દીધી હતી. વીડિયો વાઇરલ થતાં સુરત રામનગર સ્થિત ભિક્ષુક ગૃહના ઓફિસર ઇન્ચાર્જ જીગ્નેશ ચૌધરીએ તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા અને આ વર્તનને અસ્વીકાર્ય ગણાવી લેખિત ખુલાસો માંગ્યો હતો. દિવ્યાબેને પોતાની ભૂલ સ્વીકારી માફી માંગી, પરંતુ સાથે બચાવમાં દાવો કર્યો કે, કડકડતી ઠંડીમાં વૃદ્ધ મહિલાઓનો જીવ બચાવવા માટે કડક થવું પડ્યું. જોકે, ભિક્ષુક ગૃહમાં વૃદ્ધાએ પણ કર્મચારીને સાચા ગણાવીને ત્યાં સુરક્ષાનો અહેસાસ થતો હોવાનું જણાવ્યું હતું.

**સુરત: ભિક્ષુક ગૃહની મહિલા કર્મચારીનું અમાનવીય વર્તન: વૃદ્ધાના કપડાં ખેંચી રસ્તા પર ઢસડી**



## ખેંગારપુરા આયુષ્માન મંદિર બાંધકામમાં ગેરરીતિ

ખેંગારપુરા ગામમાં નિર્માણાધીન આયુષ્માન આરોગ્ય મંદિરના બાંધકામમાં હલકી ગુણવત્તાના મટીરીયલના ઉપયોગ અંગે ગ્રામજનોએ ગંભીર આક્ષેપો કર્યા છે. આ મુદ્દે જિલ્લા કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ જણાવ્યું કે ઈંટો ધોરણ મુજબ નથી, પ્લીન્થ બીમ નકશા કરતાં નાની છે અને લોખંડ-કોંક્રિટનું મિશ્રણ પણ યોગ્ય નથી. વાંધો ઉઠાવતા કોન્ટ્રાક્ટર તરફથી ધમકી આપવામાં આવી હોવાનો આરોપ પણ કરાયો છે. ગ્રામજનોએ તાત્કાલિક તપાસ, લેબોરેટરી ચકાસણી અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## માઁ સરસ્વતી શાળામાં સાંસદ ખેલ મહોત્સવ ઉજવાયો

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વડોદરા સંચાલિત માઁ સરસ્વતી પ્રાથમિક શાળા (સવાર), શાળા નં. 24, ગદાપુરા ખાતે “સાંસદ ખેલ મહોત્સવ–2025”નું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્યથી થઈ હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી તુલસીના છોડ અને પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ “કુછ કરીએ... કુછ કરીએ...” ગીત પર મનમોહક નૃત્ય રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા. ત્યારબાદ ફ્લેગ દ્વારા માર્ચ પાસ્ટ યોજાયો. ધોરણ 1 થી 8 ના કુલ 200 વિદ્યાર્થીઓએ દોડ, યોગાસન, કબડ્ડી અને ખો-ખો જેવી વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિજેતાઓને ક્રમાંક અને તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

## મકરપુરા GIDCમાં આધુનિક પ્રેસ ઓફિસનું નિર્માણ



વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસને વેગ આપવા મકરપુરા GIDC વિસ્તારમાં નવી આધુનિક પ્રેસ ઓફિસ બિલ્ડિંગનું બાંધકામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આશરે મે 2026 સુધીમાં પૂર્ણ થનાર આ બે માળનું બિલ્ડિંગ તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ રહેશે. પ્રોજેક્ટ પૂર્ણ થતાં મહાનગરપાલિકાની પ્રિન્ટિંગ અને પ્રકાશન કામગીરી વધુ સુવ્યવસ્થિત બનશે અને સ્ટાફને આધુનિક કાર્ય વાતાવરણ મળશે.

## કણબી પાલ્લીમાં ગંદકી મુદ્દે ગ્રામજનોનો ઉગ્ર રોષ

કણબી પાલ્લીના કુંભાર ફળિયામાં રસ્તા પર ગંદકી અને ગટરના પાણી ભરાતા ગ્રામજનોમાં તીવ્ર રોષ છે. ગ્રામજનોએ નવી ગટર વ્યવસ્થા અને આરસીસી રોડ બનાવવાની માંગ કરી છે. ગુસકા સુધીનો માર્ગ જંગલી ઝાડીઓના કારણે બંધ થતાં લોકોને લાંબા અંતરની મુસાફરી કરવી પડે છે, તેથી તાત્કાલિક નિરાકરણની માંગ કરાઈ છે.



## બોટાદમાં ASI મયુરસિંહ ડોડિયાનું રજવાડી સન્માન

બોટાદમાં અનેક સામાજિક, ધાર્મિક અને રાજકીય સંસ્થા-સંગઠનો સાથે જોડાયેલા અને બહુમુખી પ્રતિભા ધરાવતા જાણીતા ગૌરક્ષક સામતભાઈ જેબલીયા દ્વારા બોટાદ LCBમાં આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર (ASI) તરીકે ફરજ બજાવતા તેમના જૂના અને સરળ સ્વભાવના મિત્ર મયુરસિંહ ડોડિયા સાહેબના જન્મદિવસ નિમિત્તે તેમનું ભવ્ય અને રજવાડી ઠાઠથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સામતભાઈ જેબલીયાએ મિત્રતાના આ પ્રસંગે મયુરસિંહ ડોડિયા સાહેબને પરંપરાગત રજવાડી કેસરિયો સાફો બાંધીને, સાફામાં યશરૂપી કલંગી લગાવી હતી. આ સન્માનમાં સૌથી નોંધનીય બાબત એ હતી કે, તેમણે શક્તિના પ્રતીકરૂપે એક ભવ્ય રજવાડી તલવાર પણ અર્પણ કરીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત, મોઢું મીઠું કરાવીને તેમણે મિત્ર પ્રત્યેનો આદર અને સ્નેહ વ્યક્ત કર્યો હતો.

સામતભાઈ જેબલીયાની યાદીમાં જણાવ્યા અનુસાર, આ સન્માન મયુરસિંહ ડોડિયા સાહેબની સરળ સ્વભાવની વ્યક્તિત્વ અને તેમની સામતભાઈ સાથેની ગાઢ અને લાંબા સમયની મિત્રતાના માનમાં કરવામાં આવ્યું હતું. બોટાદમાં આ પ્રકારનું રજવાડી સન્માન ચર્ચાનો વિષય બન્યું છે, જે સરકારી અધિકારી અને સામાજિક કાર્યકર વચ્ચેના ગાઢ સંબંધોનું પ્રતીક છે.

**રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**



## ગોત્રી હરીનગરમાં પાણી લાઇન ભંગાણથી જનહાલાકી



વડોદરા મહાનગર પાલિકા દ્વારા ગોત્રી હરીનગર પ્રથમ ચાર રસ્તા પાસે ચાલી રહેલી ડ્રેનેજ કામગીરી દરમિયાન પાણીની લાઇનમાં ભંગાણ પડતાં રસ્તા પર પાણીની રેલમછેલ થઈ હતી. લાખો લિટર પાણી વેડફાઈ ગયું અને 25 જેટલી સોસાયટીના રહીશો પાણીથી વંચિત રહ્યા. રસ્તા પર પાણી ભરાવાથી વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલી પડી હતી.

## વડોદરા: સરદાર પટેલ પુણ્યતિથિએ 'જીવ જોખમે' પુષ્પાંજલિ, કોંગ્રેસની તંત્ર પર ટીકા



### સરદાર પટેલની પુણ્યતિથિ: વડોદરા ડેરી ડેન સર્કલ પર 'જીવ જોખમે' પુષ્પાંજલિ, કોંગ્રેસે તંત્રની ઝાટકણી કાઢી

વડોદરાના ડેરી ડેન સર્કલ ખાતે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે શહેર કોંગ્રેસે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે વડોદરા મહાનગરપાલિકાના વિપક્ષ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. જોકે, આ કાર્યક્રમ દરમિયાન પ્રતિમા સુધી પહોંચવા માટે કોઈ યોગ્ય અને સુરક્ષિત વ્યવસ્થા ન હોવાથી, કોંગ્રેસના કાર્યકરોને જીવ જોખમે ફાયર વિભાગની સીડીની મદદથી પુષ્પાંજલિ આપવી પડી હતી. કેમેરામાં કેદ થયેલા આ દ્રશ્યોએ તંત્રની બેદરકારી ખુલ્લી પાડી હતી. ચંદ્રકાંત શ્રીવાસ્તવે તંત્રની ઉગ્ર ટીકા કરતા સવાલ કર્યો કે, સત્તા પર બેઠેલા લોકો સરદાર પટેલના નામે દેશભરમાં એકતા યાત્રા કાઢે છે, પરંતુ તેમની પુણ્યતિથિએ વડોદરામાં કોઈ કાર્યક્રમનું આયોજન પણ નથી કરતા અને યોગ્ય વ્યવસ્થા પણ નથી કરી શકતા. તેમણે ડેરી ડેન સર્કલ ખાતે કાયમી અને સુરક્ષિત પુષ્પાંજલિ વ્યવસ્થા ઊભી કરવાની માંગ કરી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## સર્કલ દતક યોજના: ૧૧ સર્કલ માટે અપસેટ પ્રાઇઝ નક્કી

રાજકોટ શહેરની સુંદરતા વધારવા માટે મહાનગરપાલિકા દ્વારા સર્કલ દતક યોજના અંતર્ગત મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. પ્રથમ વખત સર્કલ દતક લેવા માટે અપસેટ પ્રાઇઝ નક્કી કરીને ૧૧ સર્કલ ડેવલોપ કરવા ટેન્ડર પ્રક્રિયા શરૂ કરાઈ છે. અગાઉ ભાવ નિયંત્રણ ન હોવાથી ઓછા પ્રીમિયમમાં સર્કલ દતક લેવાતા હતા, પરંતુ હવે લોકેશન મુજબ રૂ. ૧.૫૧ લાખથી રૂ. ૪ લાખ સુધીની અપસેટ પ્રાઇઝ નક્કી કરાઈ છે. સૌથી વધુ ભાવ ભરનારને સર્કલ ડેવલોપ કરવાની તક મળશે. સોરઠિયાવાડી અને કોલસાવાડી સર્કલ ફુવારા સાથે વિકસાવાશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




## PM મોદીના રોડ શો સાથે રાજકોટમાં વાઇબ્રન્ટ સમિટ

સૌરાષ્ટ્ર-કચ્છ રિજિયોનલ વાઇબ્રન્ટ સમિટ માટે રાજકોટની તારીખ અને સ્થળ નિશ્ચિત થઈ ગયા છે. આ મહત્વપૂર્ણ સમિટ ૧૦, ૧૧, અને ૧૨ જાન્યુઆરી દરમિયાન રાજકોટની મારવાડી યુનિવર્સિટીના કેમ્પસમાં યોજવામાં આવનાર છે. મારવાડી યુનિવર્સિટીમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ઉત્તમ વ્યવસ્થાને કારણે આ સ્થળની પસંદગી કરવામાં આવી છે.

સૌથી મોટા સમાચાર એ છે કે, સમિટના ઉદ્ઘાટન સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીનું આયોજન થઈ રહ્યું છે. વડાપ્રધાનના સંભવિત રાજકોટ પ્રવાસ દરમિયાન ભાજપ દ્વારા જુના એરપોર્ટથી માધાપર ચોકડી સુધી અથવા રૈયા સર્કલથી માધાપર ચોકડી સુધી ભવ્ય રોડ શો યોજવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આવતીકાલે ભાજપના સંગઠનમંત્રી રત્નાકરજી રાજકોટ આવે ત્યારબાદ આ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા ઘડીને પ્રદેશ ભાજપ અને ત્યારબાદ પી.એમ. ઓફિસમાં મોકલવામાં આવશે. પીએમ ઓફિસમાંથી મંજૂરી મળ્યા બાદ જ આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશે જણાવ્યું હતું કે સમિટને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાજકોટની તમામ ફાઇવ સ્ટાર અને ફોર સ્ટાર હોટલો બુક કરવામાં આવી છે અને કલેક્ટર દ્વારા તમામ વિભાગની કમિટીની રચના કરીને ઉદ્યોગકારો સાથે ચર્ચા વિચારણા પણ કરવામાં આવી છે. આ સમિટથી સૌરાષ્ટ્ર ઝોનના ઉદ્યોગોને મોટો વેગ મળવાની અપેક્ષા છે.

**સૌરાષ્ટ્ર-કચ્છ રિજિયોનલ વાઇબ્રન્ટ સમિટ ૧૦ થી ૧૨ જાન્યુઆરીએ મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાશે**

## નાનામૌવા સર્કલ પર વિચિત્ર ટ્રાફિક સિગ્નલ: અકસ્માતનું જોખમ વધ્યું



રાજકોટના મહત્વપૂર્ણ નાનામૌવા સર્કલ પર ટ્રાફિક સિગ્નલની ગંભીર ટેકનિકલ ખામી સામે આવી છે. અહીં લાલ લાઇટ અને ડાબી તરફ વળવાનો લીલો એરો એકસાથે ચાલુ રહે છે. આ વિરોધાભાસી સંકેતને કારણે વાહનચાલકો મૂંઝવણમાં મુકાઈને રોકાવું કે આગળ વધવું તે નક્કી કરી શકતા નથી, જેના કારણે ટ્રાફિક જામ અને અકસ્માત થવાની સંભાવના વધી ગઈ છે. તંત્ર તાત્કાલિક આ ખામી દૂર કરે તેવી માંગ છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## બારડોલી ધુલિયા ચોકડી ભંગાર ગોદામ આગે વિકરાળ સ્વરૂપ ધારણ

બારડોલીની ધુલિયા ચોકડી પાસે આવેલા ભંગાર અને પ્લાસ્ટિકના ૧૦થી વધુ ગોદામોમાં આજે બપોરે ૨ થી ૨:૩૦ વાગ્યાની આસપાસ ભીષણ આગ ફાટી નીકળી હતી. ગોદામોમાં પ્લાસ્ટિકનો વિશાળ જથ્થો હોવાથી આગે ખૂબ જ જલદી વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે પરિસ્થિતિ બેકાબૂ બની ગઈ હતી. આગની તીવ્રતા એટલી હતી કે બે કિલોમીટર દૂરથી પણ ધુમાડાના ગોટેગોટા સ્પષ્ટ જોઈ શકાતા હતા. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રાંતીય અધિકારીઓએ આ ઘટનાને કટોકટી જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને વહીવટી અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. સુરત જિલ્લા ફાયર ઓફિસર પી.બી. ગઢવીએ જણાવ્યું હતું કે, આગને કાબુમાં લેવા માટે બારડોલી, કામરેજ, વ્યારા, પીઈપીએલ અને હોજીવાલા સહિત વિવિધ વિસ્તારોમાંથી કુલ ૩૪ ફાયર એન્જિન ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવ્યા હતા. પ્લાસ્ટિકના કારણે આગ ઓલવવામાં ભારે મુશ્કેલી પડતાં, આશરે ૨ મિલિયન લિટર પાણીનો સતત છંટકાવ કરીને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. આગમાં ગોદામમાં સંગ્રહિત તમામ માલસામાન નાશ પામ્યો છે, જેના કારણે ગોદામ માલિકોને મોટું આર્થિક નુકસાન થયું છે. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ અને ફાયર વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. **રિપોર્ટ : સરફરાઝ શેખ**



**સુરત જિલ્લામાં ભીષણ આગ: બારડોલીના ૧૦ ગોદામોમાં લાગી આગ, કટોકટી જાહેર**

## ગુરુહરિ પૂજ્ય સાહેબજીને SPU દ્વારા D.Litt.ની માનદ પદવી

સરદાર પટેલ યુનિવર્સિટી (SPU), વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયેલા ૬૮મા દીક્ષાંત સમારંભમાં અનુપમ મિશનના સ્થાપક શ્રી જશભાઈ શંકરભાઈ પટેલ (ગુરુહરિ સંતભગવંત પૂજ્ય સાહેબજી) ને એક વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. તેમના અનોખા આધ્યાત્મિક અને સામાજિક યોગદાન બદલ, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે તેમને 'ડોક્ટર ઓફ લેટર્સ' (D.Litt.)ની માનદ પદવીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુરુહરિ પૂજ્ય સાહેબજી પોતે SPUના ગૌરવવંતા ભૂતપૂર્વ વિદ્યાર્થી (Alumnus) છે. તેમણે ૧૯૫૭ થી ૧૯૬૬ દરમિયાન વલ્લભ વિદ્યાનગરમાં રહીને ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. તેમણે વી.પી. સાયન્સ કોલેજમાંથી B.Sc. અને યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટમાંથી કેમેસ્ટ્રી (રસાયણશાસ્ત્ર) વિષય સાથે M.Sc.ની પદવી પ્રાપ્ત કરી હતી. યુનિવર્સિટીએ પોતાના જ પૂર્વ વિદ્યાર્થીને આ ઉચ્ચ સન્માન આપી ગૌરવ અનુભવ્યું હતું. **રિપોર્ટ : પાર્થ દવે**




## સેવન્થ ડે સ્કૂલ સરકાર હસ્તક: DEO રોહિત ચૌધરી વહીવટદાર

અમદાવાદની મણિનગર સ્થિત ICSE બોર્ડ સંલગ્ન સેવન્થ ડે સ્કૂલનો વહીવટ રાજ્ય સરકારે પોતાના હસ્તક લઈ લીધો છે. ધોરણ ૧૦ના એક વિદ્યાર્થી દ્વારા અન્ય વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ આ શાળા વિવાદના કેન્દ્રમાં આવી હતી. આ ઘટના બાદ શિક્ષણ વિભાગ દ્વારા રચાયેલી તપાસ કમિટીએ સ્કૂલના વહીવટમાં ૧૨ પ્રકારની ગંભીર ખામીઓ શોધી કાઢી હતી.

કમિટીના રિપોર્ટમાં ઉલ્લેખ છે કે, શાળાના સંચાલક ટ્રસ્ટની અસ્પષ્ટતા, અલગ અલગ ટ્રસ્ટનો ઉલ્લેખ, બોર્ડની પૂર્વ મંજૂરી વગર વધારાના વર્ગો અને બે પાળીનું સંચાલન, તેમજ ભાડા પટ્ટાની શરતોનો ભંગ થયો હતો. સૌથી ગંભીર ખામી એ હતી કે, શાળા દ્વારા પુસ્તકોનું વેચાણ કરીને 'ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭' હેઠળ પ્રતિબંધિત 'નફાખોરી' કરવામાં આવી હતી. શાળા પાસે માન્યતાના યોગ્ય પુરાવા પણ નહોતા.

આ તમામ ગેરરીતિઓ છતાં શાળામાં અભ્યાસ કરતા ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને જાળવી રાખવા માટે સરકારે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવેથી સ્કૂલનો તમામ વહીવટ રાજ્ય સરકાર હસ્તક રહેશે, અને અમદાવાદના DEO રોહિત ચૌધરીની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. સરકારે નવા એડમિશન ન આપવાની શરતે આ સ્કૂલનો વહીવટ હસ્તક લીધો છે.



## ડભોઈ રોડ પર અકસ્માત: અજાણ્યા વાહનની ટક્કરે મહિલાનું મોત

વડોદરા શહેર જિલ્લામાં અકસ્માતના બનાવો સતત સામે આવી રહ્યા છે, ત્યારે ગઈ કાલે રાત્રે ડભોઇ સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ ઉપર વધુ એક દુર્ઘટના બની હતી. તિલકવાડા ડભોઇ રોડ પર, ચોતરીયાપીર કેનાલ પાસે અજાણ્યા વાહન ચાલકે નુરલીબેન હબુરીયાઇ છગનભાઇ (ઉંમર ૫૫) નામની મહિલાને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં મહિલાને જીવલેણ ઇજાઓ થતા તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જીને વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. ડભોઇ પોલીસે આ બનાવ અંગે ફરિયાદ નોંધી છે અને ફરાર વાહન ચાલકને શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ડુમસ સી-ફેસ: કામમાં વિલંબ થતા કોન્ટ્રાક્ટરને ૩.૩૨ કરોડનો દંડ

સુરતના મહત્વાકાંક્ષી ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ૧૫ ડિસેમ્બરની સમયમર્યાદા વીતવા છતાં કામ પૂર્ણ ન થતા સુરત મહાનગરપાલિકાએ કડક કાર્યવાહી કરી છે. મનપાએ ઇજારદાર એમ.પી. બાબરિયાને ₹૩.૩૨ કરોડની પેનલ્ટી ફટકારી છે. કોન્ટ્રાક્ટરની ઢીલી નીતિને કારણે પાલિકાની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું હોવાનું નોટિસમાં જણાવાયું છે. પ્રોમીનાડ એરિયા, ઇવેન્ટ ગ્રાઉન્ડ અને MLCP જેવા મહત્ત્વના કામો હજુ અધૂરા છે. મનપાએ ઇજારદારને ત્રણ દિવસમાં લેખિત ખુલાસો રજૂ કરવા આદેશ આપ્યો છે, અન્યથા બ્લેકલિસ્ટ કરવાની ચીમકી આપી છે.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## રાજકોટ એસટી બસપોર્ટની બેદરકારી, મુસાફરોની સલામતી જોખમમાં



રાજકોટના એસટી બસપોર્ટમાં લાંબા સમયથી ચાલી રહેલી અવ્યવસ્થાએ મુસાફરોની સલામતી પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. તૂટી ગયેલી અને નમી ગયેલી સેફ્ટી રેલિંગો, ભીડમાં સંભાળ વિના ફરતી બસો અને અસુરક્ષિત પ્લેટફોર્મથી મુસાફરોને રોજિંદી હાલાકી ભોગવવી પડી રહી હતી. અનેક વખત રજૂઆતો છતાં મરામત ન થતાં અંતે ગુજરાત એસટી મુસાફર હિતરક્ષક સમિતિએ ઉચ્ચ સ્તરે ફરિયાદ કરી. ત્યારબાદ જ તાત્કાલિક રેલિંગોની મરામત હાથ ધરાઈ. આ ઘટનાએ તંત્રની નિષ્ક્રિયતા સામે પ્રશ્નો ઉભા કર્યા

## દિલ્હી ધુમ્મસથી રાજકોટ ફ્લાઇટ સેવા ખોરવાઈ

શિયાળાની ઋતુમાં આજે વહેલી પરોઢે દિલ્હી એરપોર્ટ પર ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ખોરવાતા હવાઈ સેવાને મોટો અવરોધ થયો હતો. દિલ્હીથી આવતી-જતી અસંખ્ય ડોમેસ્ટિક/ઇન્ટરનેશનલ ફ્લાઇટ ૧ થી ૪ કલાક સુધી મોડી પડી હતી, જેની સીધી અસર રાજકોટની હવાઈ સેવા પર પણ જોવા મળી હતી. રાજકોટ આવતી સવારની એર ઇન્ડિયા (AIC ૮૮૫/૮૮૬) અને ઇન્ડિગો (IGO ૬૫૫૭/૬૫૫૮)ની બંને ફ્લાઇટ ૩ થી ૪ કલાક મોડી આવી-ગઈ હતી. વળી, આજે સાંજની ઇન્ડિગોની રાજકોટ-દિલ્હી-રાજકોટની ફ્લાઇટ (IGO ૬૮૮૧/૬૮૬૨) રદ કરવામાં આવી છે, જેની જાણ મુસાફરોને અગાઉથી કરવામાં આવી હતી. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



## રાજકોટમાં પ્રથમવાર કલ્ચરલ હેરિટેજ પૉલિસી તૈયાર

રાજકોટના ઐતિહાસિક વારસાના જતન અને જાળવણી માટે મહાપાલિકા દ્વારા પ્રથમ વખત કલ્ચરલ હેરિટેજ પૉલિસી બનાવવાનો નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારની સૂચના બાદ, આ માટે એક ખાસ સલાહકાર (કન્સલ્ટન્ટ) નીમવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. આ સલાહકાર રાજકોટની દાયકાઓ જૂની ઐતિહાસિક ઇમારતો, તળાવો, ધાર્મિક સ્થળો, શાળાઓ (જેમ કે ક.બા. ગાંધીનો ડેલો), બજારો અને લોકસાહિત્ય સહિતના વારસાનો વિશાળ સર્વે કરશે. આ સર્વેના રિપોર્ટના આધારે ખખડી ગયેલી ઇમારતો સહિતના સ્થળોનું જતન કરવા અને નવી પેઢીને ઇતિહાસનું જ્ઞાન આપવા માટે લાંબાગાળાનું આયોજન કરવામાં આવશે. દરબારગઢના રિનૉવેશનનું પણ પ્લાનિંગ છે.





## ખેડૂતોના પ્રશ્ને આમ આદમી પાર્ટી સરકારને મળશે

જય કિસાન સાથે ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, ગુજરાતમાં ખેડુતો અનેક પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે. ગુજરાતમાં આજે પણ કરોડો લોકો ખેતી પર નિર્ભર છે પરંતુ આપણે ખેતીને નફાકારક બનાવી શક્યા નથી ત્યારે ગુજરાતમાં દર વર્ષે કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ જઈ રહ્યા છે અને ખેડુતો દેવાદાર બની રહ્યા છે. ગુજરાતમાં ખાતરની અછત, સિંચાઈના પાણીની અછત, મોંઘા બિયારણો, ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ અને ખેડુતોને પોતાની જણસના પોષણક્ષમ ભાવ મળતા નથી ત્યારે કેટલાક વેપારીઓ દ્વારા કડદા પ્રથાના નામે કોઈના કોઈ બહાનાં હેઠળ ખેડુતોનું શોષણ કરવામાં આવી રહ્યું છે. બોટાદના ખેડુતોની કડદા પ્રથા બંધ કરવાની માંગ સાથે ખેડૂતોએ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડી ત્યારે આપશ્રી દ્વારા આ આંદોલનને કચડી નાંખવા લાઠી ચાર્જ કરીને ફોજદારી કાર્યવાહી કરીને જેલમાં ધકેલવામાં આવ્યા, આ તમામ મુદાઓ તથા ગુજરાતના ખેડુતોની લાગણી અને માંગણી બાબતે આમ આદમી પાર્ટીનું પ્રતિનિધિમંડળ આપશ્રીને આપની કચેરી ખાતે મળવા માંગે છે. તા:૧૭મી ડિસેમ્બરને મંગળવારના રોજ મુલાકાત માટે સમય આપવા માટે આપશ્રીને સવિનય વિનંતી કરીયે છિયે.



Gopal Italia
MLA, 87-Visavadar
Advocate, Gujarat High Court

ગુજરાત વિધાનસભા

ગોપાલ ઈટાલીયા
ધારાસભ્ય, ૮૭-વિસાવદર

Ref No: Date: / /

Ref: mla-વિસા/ખેડૂત ચર્ચા/સમય/1212 તા:૧૩/૧૨/૨૦૨૫

તાકીદનું ઈમેલ દ્વારા

પ્રતિ,
માનનીય ભુપેન્દ્રભાઈ પટેલ
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકાર

**વિષય:** ગુજરાતના ખેડુતોના પ્રાણ પ્રશ્ને આમ આદમી પાર્ટીના પ્રતિનિધિ મંડળને રુબરુ મુલાકાત માટે સમય આપવા બાબત.

જય કિસાન સાથે ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, ગુજરાતમાં ખેડુતો અનેક પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે. ગુજરાતમાં આજે પણ કરોડો લોકો ખેતી પર નિર્ભર છે પરંતુ આપણે ખેતીને નફાકારક બનાવી શક્યા નથી ત્યારે ગુજરાતમાં દર વર્ષે કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ જઈ રહ્યા છે અને ખેડુતો દેવાદાર બની રહ્યા છે. ગુજરાતમાં ખાતરની અછત, સિંચાઈના પાણીની અછત, મોંઘા બિયારણો, ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ અને ખેડુતોને પોતાની જણસના પોષણક્ષમ ભાવ મળતા નથી ત્યારે કેટલાક વેપારીઓ દ્વારા કડદા પ્રથાના નામે કોઈના કોઈ બહાનાં હેઠળ ખેડુતોનું શોષણ કરવામાં આવી રહ્યું છે.

બોટાદના ખેડુતોની કડદા પ્રથા બંધ કરવાની માંગ સાથે ખેડૂતોએ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડી ત્યારે આપશ્રી દ્વારા આ આંદોલનને કચડી નાંખવા લાઠી ચાર્જ કરીને ફોજદારી કાર્યવાહી કરીને જેલમાં ધકેલવામાં આવ્યા. આ તમામ મુદાઓ તથા ગુજરાતના ખેડુતોની લાગણી અને માંગણી બાબતે આમ આદમી પાર્ટીનું પ્રતિનિધિમંડળ આપશ્રીને આપની કચેરી ખાતે મળવા માંગે છે.

તા:૧૬મી ડિસેમ્બરને મંગળવારના રોજ મુલાકાત માટે સમય આપવા માટે આપશ્રીને સવિનય વિનંતી કરીયે છિયે.

આભાર સહ...

ગોપાલ ઈટાલીયા
ધારાસભ્ય, ૮૭-વિસાવદર

## અમદાવાદ પશ્ચિમમાં મોબાઈલ સ્નેચર જોડી, સાત ગુનાઓ ઉકેલાયા

અમદાવાદ શહેરમાં રાહદારીઓ પાસેથી મોબાઈલ ફોન આંચકી લેવાના (સ્નેચિંગ) વધતા ગુનાઓને ગંભીરતાથી લઈને પોલીસે શહેર વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ અને વોચ ગોઠવી હતી. દરમિયાન, પશ્ચિમ વિસ્તારમાં જાહેર રોડ ઉપર ફોન ઉપર વાત કરતા કરતા જતા લોકોના મોબાઈલ ફોન આંચકી તરખાટ મચાવનાર બે આરોપીઓ વિશે ખાનગી બાતમી મળી હતી.

આ બાતમીના આધારે પોલીસે વાસણા સ્મશાન ગૃહની સામે, વાસણા બેરેજ રોડ ઉપરથી બે કુખ્યાત આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓના નામ છે: (૧) અયાન ઉર્ફે મેમણ મેમણ (ઉ.વ. ૧૯) અને (૨) મોહમંદ હુસૈન ઉર્ફે તીલ્લી ઉર્ફે બાલી શેખ (ઉ.વ. ૨૦).

આરોપીઓની પૂછપરછ અને તપાસના આધારે, તેમની સંડોવણી વસ્ત્રાપુર, આનંદનગર, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા અને એલીસબ્રીજ જેવા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા તેમજ સરખેજ વિસ્તારમાંથી સ્નેચિંગ કરાયેલા મળી કુલ ૭ જેટલા મોબાઈલ સ્નેચિંગના ગુનાઓમાં ખુલી છે. પોલીસે તેમની પાસેથી ૭ નંગ મોબાઈલ ફોન અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલું સુઝુકી એવીનસ વ્હીકલ મળી કુલ ₹૨,૦૦,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ રિકવર કર્યો છે. આ બંને આરોપીઓનો લાંબો ગુનાહિત ઇતિહાસ છે, જેમાં ચોરી, લૂંટ અને પાસા હેઠળની કાર્યવાહીનો સમાવેશ થાય છે. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરીને વધુ તપાસ માટે નવરંગપુરા પોલીસ સ્ટેશનને સોંપ્યા છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**




## ધર્માંતરણ કૌભાંડમાં સરકારી પ્રિન્સિપાલ અને ડોક્ટરની સંડોવણી

સુરત જિલ્લા પોલીસે ક્રિસમસ પૂર્વે આદિવાસી વિસ્તારમાં ચાલતા મસમોટા ધર્માંતરણ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. સરકારી સ્કૂલના પ્રિન્સિપાલ રામજીભાઈ ચૌધરી અને તેમના પુત્ર ડૉક્ટર માસ્ટરમાઇન્ડ છે.

તેમનો પુત્ર આદિવાસી દર્દીઓને મફત સારવાર આપી, સાજા થવાને 'ઈસુનો ચમત્કાર' ગણાવી ભ્રમિત કરતો હતો. ત્યારબાદ અંતિમ ધર્માંતરણ માટે પિતા પ્રિન્સિપાલ પાસે મોકલાતા હતા. ટ્રસ્ટમાં 3 સરકારી શિક્ષકો અને 6 પાસ્ટર પણ સામેલ હતા.

## ઓનલાઈન એપ દ્વારા સુરતમાં 'નશાની હોમ ડિલિવરી'

સુરત શહેરમાં ડ્રગ્સ અને નશા સામે ચાલી રહેલી લડાઈ વચ્ચે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. રસ્તા પરના પાનના ગલ્લાઓ પર પોલીસ દરોડા પાડી રહી છે, ત્યારે જાણીતી ઓનલાઈન ક્વિક કોમર્સ એપ્સ 'છૂપા ડ્રગ ડીલર' બનીને બેરોકટોક 'ગોગો પેપર' (રોલિંગ પેપર)ની સપ્લાય કરી રહી છે.સુરતના પોશ ગણાતા અઠવાલાઇન્સ વિસ્તારમાં કરાયેલા રિયાલિટી ચેકમાં આ હકીકત સામે આવી હતી. એપ પર ઓર્ડર આપ્યાના માત્ર ૧૦ મિનિટમાં જ 'ગોગો પેપર'નું પેકેટ ઘરના ઉંબરે પહોંચી ગયું હતું. આ ઘટના ટેકનોલોજીના દુરુપયોગથી નશાના નેટવર્કની સરળતા દર્શાવે છે.

## સિંગણપોરમાં બેફામ ટેમ્પો અકસ્માત, પાંચ લોકો ઈજાગ્રસ્ત

સુરતના સિંગણપોર વિસ્તારમાં બેફામ ટેમ્પાચાલકે પોતાની બેદરકારીભરી ડ્રાઇવિંગથી હચમચાવી દેતો અકસ્માત સર્જ્યો હતો. સીસીટીવીમાં દેખાતી આ ઘટનામાં ટેમ્પો (GJ 05 BZ 9280) ચાલકે ફ્રૂટની લારી લઈ જતી એક ૫૫ વર્ષીય વૃદ્ધા અને તેના ૪ વર્ષના પૌત્રને જોરદાર ટક્કર મારી હતી.ટક્કરથી વૃદ્ધા ૫ ફૂટ દૂર ફંગોળાયા હતા, પરંતુ ઇજાગ્રસ્ત હાલતમાં પણ તરત જ પૌત્રને બચાવવા દોટ મૂકી હતી. આ ટેમ્પોએ આગળ જતાં એક મહિલાચાલક સહિત અન્ય ત્રણ વાહનોને પણ ૮ ફૂટ સુધી ઢસડ્યા હતા. આ અકસ્માતમાં કુલ ૫ લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. ટેમ્પાચાલકને સ્થાનિકોએ ઝડપી પાડ્યો હતો.

## મેમ્કો ચાર રસ્તા કેક વિવાદમાં હિંસક હુમલો

અમદાવાદના મેમ્કો ચાર રસ્તા નજીક જાહેર માર્ગ પર કેક કાપવાના મુદ્દે થયેલો વિવાદ હિંસક ઘટનામાં ફેરવાયો હતો. રસ્તા વચ્ચે ઉભા રહી કેક કાપી રહેલા પાંચ યુવકોને સાઇડમાં ખસવા કહેતાં તેઓ ઉશ્કેરાયા હતા. બાદમાં આ યુવકો નજીકની ટ્રાવેલ્સ ઓફિસમાં ઘૂસી તોડફોડ કરી વેપારી મહેન્દ્રકુમાર ચૌધરી અને તેમના પુત્ર પર બેરહેમીથી હુમલો કર્યો હતો. ઘટનામાં એક યુવક છરી બતાવતો હોવાનું CCTV ફૂટેજમાં નજરે પડે છે. સમગ્ર ઘટના કેમેરામાં કેદ થતાં ફૂટેજના આધારે આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે. જાહેર રસ્તા પર બેફામ વર્તન અને વેપારીઓ પર થયેલા હુમલાથી વિસ્તારમાં ચિંતા ફેલાઈ છે.

## ધર્માંતરણ કેસમાં હાઇકોર્ટ પિતાની અરજી ફગાવે

ગુજરાત હાઇકોર્ટએ ધર્માંતરણ સંબંધિત એક મહત્વપૂર્ણ મામલે પિતાની અરજી ફગાવી દીધી છે. આણંદ જિલ્લાના કેસમાં પિતાએ પુત્રીનું ગેરકાયદેસર ધર્માંતરણ થયાનું કહી FIR નોંધવાનો આદેશ માંગ્યો હતો. જોકે કોર્ટએ નોંધ્યું કે અરજદારની પુખ્ત પુત્રીએ ક્યાંય કોઈ ફરિયાદ કે આક્ષેપ કર્યો નથી. તેણે સ્વેચ્છાએ ધર્માંતરણ કરીને લગ્ન કર્યા હોવાનું રેકોર્ડ પર છે. કોર્ટએ સ્પષ્ટ કર્યું કે છેતરપિંડી, દબાણ અથવા લાલચથી ધર્માંતરણ સાબિત ન થાય ત્યાં સુધી ગુનો માનવામાં આવી શકતો નથી. માત્ર લગ્ન માટે થયેલ ધર્માંતરણને ગેરકાયદેસર ગણાવી શકાય નહીં.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વાઇબ્રન્ટ સમીટથી રાજકોટમાં રસ્તાઓના ડામર કામે ગતિ

રાજકોટમાં આગામી 10 અને 11 જાન્યુઆરીએ યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત સમીટને લઈ તૈયારી તેજ બની છે. સમીટમાં નરેન્દ્ર મોદીના આગમનની સંભાવનાને ધ્યાનમાં રાખીને શહેરના મહત્વના માર્ગો પર ડામર કામ શરૂ કરવામાં આવ્યું છે. રેસકોર્સ રીંગ રોડને જોડતા રસ્તા, સદર અને ફૂલછાબ ચોક આસપાસ નવા ડામરથી મઢાઈ રહ્યા છે. સર્કિટ હાઉસ આસપાસના માર્ગોને પણ નવેસરથી ચકાચક બનાવવામાં આવી રહ્યા છે. વર્ષમાં બીજી વખત આ વિસ્તારોમાં ડામર કામ થતાં સ્થાનિકોમાં ચર્ચા અને આશ્ચર્ય બંને જોવા મળી રહ્યા છે.



## વડોદરા ગ્રામ્યમાં લાંબા સમયથી ફરાર આરોપીની ધરપકડ

વડોદરા ગ્રામ્ય જિલ્લામાં પ્રોહિબિશન કાયદાના ભંગ સાથે જોડાયેલ એક મહત્વનો કેસ સામે આવ્યો છે, જેમાં લાંબા સમયથી ફરાર રહેલો આરોપી અંતે ઝડપાયો છે. કિશન બબલુકુમાર સાહુ નામનો આ આરોપી ગુનો નોંધાયા બાદ સતત કાયદાની નજરથી દૂર રહેતો હતો. મળતી માહિતી મુજબ તે અલગ-અલગ વિસ્તારોમાં છુપાઈને રહેતો હતો, જેના કારણે તેની ધરપકડ કરવી મુશ્કેલ બની હતી. પરંતુ ચોક્કસ બાતમીના આધારે તેની હલચલ પર સતત નજર રાખવામાં આવી. અંતે પાદરા તાલુકાના સાંગમા કેનાલ નજીકથી તેને શોધી કાઢવામાં આવ્યો. આરોપી સામે અગાઉથી દારૂની હેરાફેરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓના આરોપો નોંધાયેલા છે. તેની ધરપકડને કારણે આવા ગુનાઓમાં સંડોવાયેલા તત્વોમાં ચિંતા ફેલાઈ છે. સ્થાનિક લોકોનું માનવું છે કે આ પ્રકારની કાર્યવાહીથી વિસ્તારમાં કાયદાનો ભય મજબૂત થશે અને પ્રોહિબિશન કાયદાનો ભંગ કરનારાઓ પર અંકુશ આવશે.




**વડોદરા ગ્રામ્ય જિલ્લામાં પ્રોહિબિશન કેસમાં લાંબા સમયથી ફરાર રહેલો આરોપી અંતે ઝડપી લેવાયો.**

## શહેરી વિકાસ યાત્રા પ્રદર્શનનું છેલ્લું સપ્તાહ, મંત્રીની મુલાકાત

રાજકોટના રેસકોર્સ સ્થિત આર્ટ ગેલેરીમાં યોજાયેલ “શહેરી વિકાસ યાત્રા-20 વર્ષની યશોગાથા” પ્રદર્શન હવે અંતિમ સપ્તાહમાં પ્રવેશ્યું છે. 22 નવેમ્બરથી શરૂ થયેલા આ પ્રદર્શનને અત્યાર સુધી 75 હજારથી વધુ નાગરિકોએ નિહાળ્યું છે. રવિવારે શહેરી વિકાસ મંત્રી દર્શના વાઘેલાએ મુલાકાત લઈ છેલ્લા બે દાયકાના વિકાસ, ભવિષ્યની યોજનાઓ અને નાગરિક કેન્દ્રિત અભિગમ અંગે માહિતી મેળવી. ડિજિટલ ડિસ્પ્લે, ઇન્ટરએક્ટિવ મોડલ અને એઆઇ-વીઆર આકર્ષણોથી પ્રદર્શનને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.



## ગેરકાયદે બાંધકામ મુદ્દે મહાનગરપાલિકા સામે જનઆક્રોશ

મહાનગરપાલિકાઓ દ્વારા ગેરકાયદે બાંધકામ તોડવાની કાર્યવાહી પર જાગૃત નાગરિકોએ તંત્રની મનસ્વી અને 'ધંધાદારી' માનસિકતા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમનું સ્પષ્ટ માનવું છે કે, વર્ષો સુધી ગેરકાયદે બાંધકામ અડીખમ રહે, તેના દસ્તાવેજ થાય અને નિયમિતપણે કરવેરા પણ ઉઘરાવવામાં આવે ત્યાં સુધીની વ્યવસ્થા ઉભી કરનાર અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ શું શહેરના રાજા છે, જે મનસ્વી રીતે વર્તી શકે? નાગરિકોનો આક્રોશ છે કે, ગેરકાયદે બાંધકામ થઈ રહ્યાં હતા ત્યારે જે તે વિસ્તારનાં અધિકારીઓ કે ચૂંટાયેલા પ્રતિનિધિઓએ કોઈ પગલાં લીધા ન હોય, તો લાખો રૂપિયા ખર્ચીને મિલકત ખરીદનારને વર્ષો પછી રેંજાડવાથી કે મિલકતવિહોણાં બનાવી દેશ કઈ સિદ્ધિ મેળવશે તે સમજવું ખુબ જરૂરી છે. વધુમાં, જાગૃત નાગરિકોએ તંત્રની અન્ય ગેરરીતિઓ પર પણ પ્રકાશ પાડ્યો છે. તેમણે જણાવ્યું કે, ભૂતકાળમાં સંસ્થાઓએ ધિરાણ કરેલી મિલકતની બાબતને અવગણવી, જમીન ઉપર અસામાજિક તત્વોનો કબજો થવા દેવો, અને પીડિત જમીન/મકાન માલિકને દોડાવી દોડાવીને હેરાન કરવા જેવી પ્રવર્તીઓમાં સરકારી કચેરીઓ જોડાય પછી પીડિતની નેતા કે પક્ષ ભક્તિ કોઈ કામ આવતી નથી. આના પરથી એવું લાગે છે કે પ્રજાને ભિખારી બનાવવાનો સમય આવી ગયો છે. અંતે, પ્રજાએ હવે ચૂંટણી વખતે બતાવી દેવાના ફાંકા ઉતારી નાખવાની જરૂર છે, કારણ કે ચૂંટણી જીતવા માટે આર્થિક મદદ કરનારાનો હાથ સૌથી મજબૂત હોય છે.

**મહાનગરપાલિકાની કામગીરી સામે ગંભીર સવાલ: 'રાજા વેપારી થયો', પ્રજાનો ભિખારી થવાનો સમય!**

## સરસપુર દારૂ કાંડ બાદ શહેરકોટડા પીઆઇ સસ્પેન્ડ

અમદાવાદ શહેરના સરસપુર વિસ્તારમાં ફરી એક વખત મોટા પ્રમાણમાં દારૂ ઝડપાતા શહેરકોટડા પોલીસ સ્ટેશનના પીઆઇ એમ.ડી. ચંદ્રવાડીયાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. 11 ડિસેમ્બરે સંતરાની આડમાં ટ્રક મારફતે રૂ.77 લાખથી વધુનો દારૂ ઉતારવાનો પ્રયાસ થયો હતો, જે અગાઉ જ પકડાઈ ગયો. તપાસમાં સ્થાનિક સ્તરે ગંભીર બેદરકારી સામે આવતા આ કાર્યવાહી કરાઈ. મહત્વનું એ છે કે શહેરકોટડામાં અગાઉ પણ આવી જ રીતે દારૂ ઉતર્યો હોવાનો ખુલાસો થયો હતો. પોલીસ કમિશનર જી.એસ. મલિકએ જણાવ્યું કે વારંવાર ઘટનાઓથી જવાબદારી નક્કી કરવી જરૂરી બની હતી.

## રાજકુમાર જાટ મોત કેસમાં હાઇકોર્ટની મહત્વની સુનાવણી

ગુજરાત હાઇકોર્ટમાં ગોંડલના રાજકુમાર જાટ મૃત્યુ કેસની સુનાવણી દરમિયાન સરકાર તરફથી તપાસની પ્રગતિ રજૂ કરવામાં આવી. કોર્ટને જણાવાયું કે કેસમાં ત્રણ દિશામાં તપાસ ચાલી રહી છે અને 15 મુદ્દાઓના આધારે વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવવામાં આવી છે. CCTV અને FSL સંબંધિત કાર્યવાહી ચાલુ છે. નાર્કો ટેસ્ટ પૂર્ણ થઈ ગયો હોવાનું જણાવાયું, જ્યારે તેની રિપોર્ટ એક સપ્તાહમાં આવવાની શક્યતા છે. વધુ સમયની માગ સ્વીકારતાં હવે આગામી સુનાવણી 7 જાન્યુઆરીએ થશે.

## ભાવનગરનો યુવાન ૪૦૦ કિ.મી. મહાદોડ શરૂ કરશે

ગુજરાતી ફિલ્મ 'લાલો – શ્રી કૃષ્ણ સદા સહાય તે'થી પ્રેરણા લઈને ભાવનગરના અલ્ટ્રા મેરાથોન રનર મકવાણા હાર્દિક ૧ જાન્યુઆરીથી ૪૦૦ કિલોમીટરની મહાદોડ શરૂ કરશે. તેઓ ભાવનગરથી દ્વારકા સુધી દોડીને યુવા પેઢીને શિસ્ત, આત્મવિશ્વાસ અને પુરુષાર્થનો સંદેશ આપશે. સંયોગ ફાઈનાન્સ અને ટ્રેડસપેર ઇન્ટરનેશનલ પ્રા. લિ. દ્વારા આ યાત્રાને સપોર્ટ મળી રહ્યો છે. અગાઉ તેમણે ૮૦૦ કિ.મી.ની દોડ પણ પૂરી કરી હતી.**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




## થલતેજ સ્નેહાંજલિ સોસાયટી તોડફોડ સામે રહેવાસીઓનો વિરોધ

અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલી સ્નેહાંજલિ સોસાયટીના ૨૫ બંગલો તોડવાની કાર્યવાહી સામે રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આશરે ચાર દાયકાથી અહીં વસતા રહીશોનો દાવો છે કે તેમણે કાયદેસર રીતે મકાન ખરીદ્યા, નિયમિત ટેક્સ ભર્યો અને પ્રોપર્ટી કાર્ડ પણ મળ્યા હતા. અચાનક મકાન ગેરકાયદેસર જાહેર થતાં પરિવારોએ ઘર છોડવાનો ઇનકાર કર્યો છે. સોસાયટીના ગેટ પર એકત્ર થયેલા રહીશો મકાન ન તૂટે તે માટે અડગ છે અને વિકલ્પરૂપ વ્યવસ્થાને અસ્વીકાર કરી રહ્યા છે.



## અમદાવાદ એરપોર્ટ પર ધુમ્મસથી ફ્લાઇટ સેવાઓ ખોરવાઈ

અમદાવાદ એરપોર્ટ પર ગાઢ ધુમ્મસ અને નબળી વિસિબિલિટીના કારણે ફ્લાઇટની કામગીરી પર ગંભીર અસર પડી છે. કુલ ૧૩ ફ્લાઇટ્સ રદ અને વિલંબિત થઈ છે. અમદાવાદ આવતી ફ્લાઇટ્સમાં ઇન્ડિગોની કોઇમ્બતુરથી આવતી ફ્લાઇટ (૬૫૯૩) રદ કરવામાં આવી છે, જ્યારે સ્પાઇસજેટની દિલ્હીથી આવતી ૮૭૭, આકાશા એરની ૧૭૮૧ અને ૧૩૨૫, ઇન્ડિગોની ૨૦૩૩ અને ૬૧૮૯, સ્ટાર એરની ૧૦૭, અને એર ઇન્ડિયાની ૨૯૫૯, ૮૧૭, અને ૪૯૩ સહિત કુલ ૧૦ ફ્લાઇટ્સ ડીલે થઈ છે. અમદાવાદથી જતી ફ્લાઇટ્સમાં ઇન્ડિગોની દિલ્હી (૬૧૯૦) અને કોઇમ્બતુર (૬૫૯૪)ની ફ્લાઇટ્સ રદ થઈ છે, જ્યારે જેદ્દાહ અને બેલગામ જતી અન્ય ત્રણ ફ્લાઇટ્સ મોડી પડી છે. ઇન્ડિગો અને એર ઇન્ડિયા સહિત અન્ય એરલાઇન્સે એડવાઇઝરી જાહેર કરીને જણાવ્યું છે કે દિલ્હી અને ઉત્તર ભારતના વિસ્તારોમાં ધુમ્મસના કારણે ફ્લાઇટ કામગીરી પર અસર છે. મુસાફરોને એરપોર્ટ જતાં પહેલાં ફ્લાઇટની સ્થિતિ તપાસી લેવા વિનંતી કરવામાં આવી છે.




**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## જૂનાગઢ: ભવનાથ ગૌશાળા સાયબર ફ્રોડમાં સંચાલક સંડોવાયા

જૂનાગઢના પવિત્ર ગણાતા ભવનાથ વિસ્તારમાંથી એક સનસનાટીભર્યો સાયબર ક્રાઇમનો મામલો સામે આવ્યો છે. અવધૂત આશ્રમની ગૌશાળાના સંચાલક કલ્યાણગીરીએ ધાર્મિક સંસ્થાના ઓઠા હેઠળ સાયબર ફ્રોડના કાળા નાણાંના વ્યવહારનું એક મોટું નેટવર્ક ચલાવ્યું હોવાનું સ્પેશિયલ ઑપરેશન ગ્રૂપ (SOG)ની તપાસમાં ખુલ્લું પડ્યું છે.

પ્રાથમિક માહિતી મુજબ, કલ્યાણગીરી યુવાનોને કમિશનની લાલચ આપીને તેમનો સંપર્ક કરતા હતા અને તેમને પોતાના નામે બેંક એકાઉન્ટ ખોલાવવા માટે સમજાવતા હતા. ત્યારબાદ આ બેંક એકાઉન્ટ્સનો ઉપયોગ દેશભરમાંથી સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા લાખો-કરોડો રૂપિયાના કાળા નાણાં ફેરવવા માટે કરવામાં આવતો હતો, જે એક પ્રકારનું 'મની લોન્ડરિંગ' ગણાય છે.

SOG દ્વારા ગૌશાળાના સંચાલક કલ્યાણગીરીની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે અને આ નાણાકીય વ્યવહારોના મૂળ સુધી પહોંચવા માટે આજે તેમની ધરપકડ થવાની શક્યતા છે. આ પર્દાફાશ બાદ પોલીસે ભવનાથ વિસ્તારના અન્ય ટ્રસ્ટો અને ધાર્મિક સંસ્થાઓના શંકાસ્પદ બેંક એકાઉન્ટ્સની પણ તપાસ શરૂ કરી છે.

પોલીસે સામાન્ય જનતાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે તાત્કાલિક કમિશનની લાલચમાં આવીને પોતાના બેંક એકાઉન્ટની વિગતો કે KYC દસ્તાવેજો કોઈ અજાણી વ્યક્તિ કે સંસ્થાને આપવા નહીં, અન્યથા તમે પણ ગેરકાયદેસર ગતિવિધિઓમાં ફસાઈ શકો છો.

**રિપોર્ટ : આશિષ વસાવડા બીલખા**



## અમરેલીમાં નવી સફાઈ વ્યવસ્થા, ૧૫ ગાડીઓનું પ્રસ્થાન

અમરેલી નગરપાલિકાએ સ્વચ્છ ભારત મિશન હેઠળ શહેરની સ્વચ્છતા માટે નવીન વ્યવસ્થા શરૂ કરી છે. શહેરના તમામ વોર્ડમાંથી સૂકો, ભીનો અને અન્ય વિશેષ કચરો (ઈ-કચરો, સેનેટરી કચરો, જોખમી કચરો) એકત્ર કરવા માટે રાજકોટની 'કચરા વાલા' એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

તા. ૧૫/૧૨/૨૦૨૫થી શરૂ થયેલા આ કોન્ટ્રાક્ટ અંતર્ગત એજન્સી દ્વારા કુલ ૧૫ નવી ગાડીઓની સુવિધા પૂરી પાડવામાં આવી છે. આ ગાડીઓ શહેરના દરેક વિસ્તારમાં નિયમિતપણે ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરીને શહેરને સ્વચ્છ રાખવાની કામગીરી કરશે.

નવી કચરા કલેક્શન ગાડીઓને નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ચીફ ઓફિસર અને સભ્યશ્રીઓ દિલાભાઈ વાળા, હરેશભાઈ કાબરીયા તથા ચિરાગભાઈ ત્રિવેદીના હસ્તે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, લોકોની સફાઈ સંબંધિત ફરિયાદો માટે ટૂંક સમયમાં જ એક હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવશે.

**રિપોર્ટ : સરફરાઝ ખોખર અમરેલી**



**અમરેલીમાં સફાઈ માટે નવી વ્યવસ્થા: 'કચરા વાલા' એજન્સીને કોન્ટ્રાક્ટ, ૧૫ આધુનિક ગાડીઓ કાર્યરત**

## ધારી નગરપાલિકાની નિષ્ફળતાથી હિમખીમડી પરામાં જનહાલાકી

ધારી નગરપાલિકા જ્યારથી અસ્તિત્વમાં આવી છે, ત્યારથી લઈને આજ દિન સુધી કચરાના નિકાલ, ખુલ્લા ગટરના ઢાંકણા અને ભૂગર્ભ ગટર જેવી મૂળભૂત સુવિધાઓની જાળવણીમાં સદંતર નિષ્ફળ ગઈ હોવાના સ્થાનિકોના ગંભીર આક્ષેપો છે. આ નિષ્ફળતાનો ભોગ હાલમાં ધારી નગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આવતા હિમખીમડી પરાવિસ્તારના રહીશો બની રહ્યા છે. આ વિસ્તારમાં ભૂગર્ભ ગટરના પાણી ઉભરાઈને સીધા લોકોના ઘરની અંદર સુધી ઘૂસી જતાં પરિસ્થિતિ ગંભીર બની છે. ગંદા પાણી અને દુર્ગંધને કારણે લોકોનું જીવવું હરામ થઈ ગયું છે અને રોગચાળો ફેલાવવાનો ભય પણ સેવાઈ રહ્યો છે. સ્થાનિક રહેવાસીઓએ આ બાબતને લઈને અનેકવાર નગરપાલિકા સમક્ષ રજૂઆતો કરી છે, પરંતુ આજદિન સુધી કોઈ નક્કર અને કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. આને કારણે લોકોમાં નગરપાલિકાની કામગીરી સામે ભયંકર રોષ ફાટી નીકળ્યો છે. સ્થાનિક પત્રકાર દ્વારા આ મામલે નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે વાતચીત કરવામાં આવી હતી. ચીફ ઓફિસરે કબૂલ્યું કે, "હાલ અમારી નગરપાલિકા ખાતે સેટઅપ તેમજ મશીનરી પણ પૂરતા પ્રમાણમાં નથી, જેથી સ્થાનિકોની અપેક્ષા અનુસાર અમે કામગીરી કરી શકતા નથી. જોકે, ટૂંક સમયમાં લોકોને માગણી અનુસાર કાર્યવાહી કરવામાં આવશે." સ્થાનિક રહેવાસી દિલુભાઈ અને ઇલાબેને આ સમગ્ર સ્થિતિ અંગે ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

**રિપોર્ટ : સરફરાઝ ખોખર અમરેલી**



## CID ક્રાઇમના બે પોલીસ ₹30 લાખ લાંચમાં ઝડપી

ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ આજે (૧૫ ડિસેમ્બર) ગાંધીનગરમાં એક મોટી સફળ ટ્રેપ ગોઠવી હતી. CID ક્રાઇમ ગાંધીનગર ઝોનના પોલીસ ઇન્સ્પેક્ટર પેથા કમરશીભાઈ પટેલ (PI પી.કે. પટેલ) અને આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ વિપુલ બાબુભાઈ દેસાઈને ₹૩૦ લાખની લાંચ લેતા ACBએ રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

આ બંને લાંચિયા પોલીસકર્મીઓએ ફરિયાદી અને તેમના મિત્ર વિરુદ્ધ CID ક્રાઇમમાં નોંધાયેલા કોલ સેન્ટરના ગુનામાં કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવા અને કેસનું સેટલમેન્ટ કરવા માટે આ લાંચની માગણી કરી હતી, જે રકઝકના અંતે ₹૩૦ લાખ નક્કી થઈ હતી.

ફરિયાદી લાંચ આપવા ન માગતા હોવાથી તેમણે ACBનો સંપર્ક કર્યો હતો. ACB અમદાવાદ શહેરના પીઆઇ ડી.એન. પટેલ અને તેમની ટીમે ગાંધીનગરના સરગાસણ ખાતે છટકું ગોઠવ્યું હતું. કોન્સ્ટેબલે લાંચની રકમ સ્વીકારતા જ ACBએ બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જેનાથી ખાખીની આબરૂના ધજાગરા ઉડ્યા છે.

## નંદેસરી નજીક કેમિકલ વેસ્ટ જાહેર રોડ પર ઢોળાયો

વડોદરાના નંદેસરી નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઇવે પર માધવ ટ્રેડસમાંથી ભરેલું તીવ્ર દુર્ગંધ મારતું પ્રવાહી (હેઝાર્ડ કેમિકલ વેસ્ટ) જાહેર રોડ ઉપર ઢોળાયું હતું. આરોપી સાગર પટેલ અને એક અજાણ્યા ઇસમે જી જે ૨૪ વાય ૯૪૪૧ નંબરના ટેન્કરને રોડ પર આડું ઊભું રાખી, ટેન્કરનો વાલ્વ ખોલી દઈ કેમિકલ જમીન પર ખાલી કરી દીધું હતું. આ કૃત્યથી વાહનોને અડચણ, માનવજીવન અને ભૂગર્ભ જળ સહિત પર્યાવરણ જોખમમાં મુકાયું હતું. પોલીસે ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## અલકાગેટ મંદિર ચોરી મામલે NSUIનો પોલીસ પર પ્રહાર

ભાવનગર શહેરમાં કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળી છે, તેનો પુરાવો નીલમબાગ પોલીસ સ્ટેશન હસ્તકની અલકાગેટ પોલીસ ચોકીની બિલકુલ નીચે આવેલા મસાણી મેલડી માના મંદિરમાં ધોળા દિવસે થયેલી ચોરીની ઘટના છે. આ ઘટના બાદ ગુજરાત પ્રદેશ NSUIના મહામંત્રી શ્રી અભિજીતસિંહ ચુડાસમાએ પોલીસ તંત્ર પર સખત પ્રહાર કર્યા છે. NSUIએ આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું કે, "જ્યાં પોલીસ ચોકીની નીચે જ ભગવાન સુરક્ષિત નથી, ત્યાં પ્રજા કોના ભરોસે?" ચોરીને ૪ દિવસ વીતી ગયા હોવા છતાં પોલીસ દ્વારા FIR ન નોંધવી એ અત્યંત શરમજનક છે. NSUIનો આક્ષેપ છે કે પોલીસ પોતાની નિષ્ફળતા અને 'નાક કપાવાની બીકે' ફરિયાદ નોંધતા અટકી રહી છે, જે પોલીસની કામગીરી કરતા આબરૂ બચાવવા પર વધુ ધ્યાન હોવાનું દર્શાવે છે.

વહીવટી તંત્ર પર પ્રહાર કરતાં NSUIએ જણાવ્યું કે છેલ્લા ૧૭ દિવસથી નીલમબાગ પોલીસ સ્ટેશનમાં કોઈ કાયમી PI હાજર નથી, જેના કારણે અસામાજિક તત્વો બેફામ બન્યા છે. NSUIએ આ ઘટનાને કાયદાના શાસન પરનો તમાચો ગણાવ્યો છે.

ભાવનગર NSUIએ તાત્કાલિક ધોરણે (૧) ૨૪ કલાકમાં FIR નોંધીને આરોપીઓને પકડવાની, (૨) FIR ન નોંધનાર પોલીસ અધિકારીઓ સામે ખાતાકીય પગલાં લેવાની, અને (૩) નિલમબાગમાં કાયમી PIની નિમણૂક કરવાની માંગ કરી છે. જો આગામી ૨૪ કલાકમાં આ બાબતે નક્કર કાર્યવાહી નહીં થાય તો NSUI દ્વારા પોલીસ અધિક્ષક કચેરીનો ઘેરાવ કરવામાં આવશે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




## એલવીએમએચ એપ કૌભાંડ, રોકાણકારો સાથે છેતરપિંડી

વડોદરા શહેરમાં ઓનલાઈન રોકાણના નામે છેતરપિંડીનો વધુ એક ગંભીર બનાવ સામે આવ્યો છે. ડિસેમ્બર ૨૦૨૪થી શરૂ થયેલા આ મામલામાં કેટલાક શખ્સોએ ઇન્ટરનેટ મારફતે મોબાઇલ એપ્લિકેશન ઇન્સ્ટોલ કરાવી વધુ નફાની લાલચ આપી રોકાણ કરાવ્યું હોવાનું જણાવાય છે. વર્ચ્યુઅલ પ્રોડક્ટ ખરીદી બાદ ૪૧થી ૪૫ દિવસમાં નફો મળવાનો વાયદો કરાયો હતો, પરંતુ રકમ પરત ન મળી. અંતે એપ્લિકેશન બંધ થતાં ગ્રસ્તોને છેતરપિંડીનો અહેસાસ થયો, જેના પગલે ફરિયાદ નોંધાઈ છે.

## વડોદરાના દંતેશ્વર રોડ પર હિટ એન્ડ રનની ઘટના

વડોદરા શહેરના દંતેશ્વર રોડ ઉપર એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, એક અજાણ્યા ફોર વ્હીલર ચાલકે રોંગ સાઇડે પૂરઝડપે અને બેદરકારીથી ગાડી હંકારી લાવી રાજેન્દ્રભાઈ મકવાણાની ટુ-વ્હીલરને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં રાજેન્દ્રભાઈને માથાના પાછળના ભાગે, કમરના ભાગે, જમણા પગે અને જમણા હાથે ગંભીર ઇજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને ફોર વ્હીલર ચાલક તાત્કાલિક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. મકરપુરા પોલીસે અકસ્માત અને હિટ એન્ડ રનના ગુના હેઠળ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## કપુરાઇ નજીક હિટ એન્ડ રન, બે યુવકોના મોત

વડોદરા જિલ્લાના કપુરાઇ નજીક બનેલા માર્ગ અકસ્માતે શોક ફેલાવ્યો છે. અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી એક મોટરસાયકલને ટક્કર મારતા બે યુવકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ બંને રોડ પર પટકાયા, જેમાં એકનું સ્થળ પર જ મોત થયું હતું. અન્ય યુવકને ગંભીર હાલતમાં એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડાયો, જ્યાં સારવાર દરમિયાન તેનું પણ મૃત્યુ થયું. અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થતા લોકોમાં ભારે રોષ અને ચિંતા વ્યાપી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## પ્રાંતિજમાં બે દિવસમાં ૧૫થી વધુ ચંદનના ઝાડ ચોરાયા, ખેડૂતોમાં ભય

પ્રાંતિજની સરકારી ITIની પાછળ આવેલા ખેતરોમાં ચંદન ચોરો સક્રિય થયા છે. માત્ર બે દિવસના સમયગાળામાં ૧૫થી વધુ ચંદનના ઝાડ ચોરી કરીને ચોર ફરાર થઈ ગયા છે. મૂલ્યવાન ચંદનના ઝાડની ચોરી થતાં ખેડૂતોએ તાત્કાલિક પ્રાંતિજ પોલીસને જાણ કરી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધીને ચોરોને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઘટનાથી ચંદન ખેતી કરતા ખેડૂતોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. **રિપોર્ટ : સોમાજી ચૌહાણ**



## બીલખાના નવાગામમાં માનવ-પ્રાણી સંઘર્ષ અટકાવવા વન્ય વિભાગની રેલી

બીલખા તાલુકાના નવાગામ ગામે વન્ય વિભાગ દ્વારા માનવ અને વન્ય પ્રાણીઓ વચ્ચેના વધતા સંઘર્ષને અટકાવવાના ઉદ્દેશ્યથી એક નોંધપાત્ર જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તાજેતરના સમયમાં વન્ય પ્રાણીઓ ગામમાં પ્રવેશવા લાગ્યા હોવાથી માનવ પર હુમલા અને ઘર્ષણના બનાવો સામે આવી રહ્યા છે.

આ સમસ્યાના નિરાકરણ અને ગ્રામજનોને સુરક્ષા અંગે માર્ગદર્શન આપવાના હેતુથી નવાગામની સરકારી પ્રાથમિક શાળામાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો સૌથી મહત્વનો ભાગ હતો શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કાઢવામાં આવેલી જન જાગૃતિ રેલી. બાળકોએ ઉત્સાહપૂર્વક હાથમાં બેનર લઈને અને વિવિધ સૂત્રોચ્ચાર સાથે ગામમાં ફરી વળ્યા હતા, જેનાથી ગામલોકોનું ધ્યાન આ ગંભીર મુદ્દા તરફ દોરવામાં આવ્યું હતું.

આ સરાહનીય કાર્યક્રમને સફળ બનાવવા માટે




વન્ય વિભાગના અધિકારીઓ, જેમાં RFO ભાલીયા, ફોરેસ્ટર એસ. વી. કરમટા, અને ફોરેસ્ટ ગાર્ડ આર. એલ. ગોળીયાનો સમાવેશ થાય છે, તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમની સાથે પ્રકૃતિ પ્રેમી સરપંચ મુળુભાઈ વાળા, શાળાના આચાર્ય ડાકી સાહેબ અને સમગ્ર સ્ટાફે પણ જહેમત ઉઠાવી હતી. આ અભિયાન દ્વારા વન્ય વિભાગે સ્થાનિક સમુદાયને વન્યજીવ સંરક્ષણ અને સહઅસ્તિત્વનો સંદેશો આપ્યો .

## બોરસદ-વાસદ રોડ પર ભીષણ અકસ્માતમાં બે મોત

બોરસદ-વાસદ રોડ પર ગઈ મોડી રાત્રે અંબાવ ટોલ નજીક આવેલી 'મા' હોટલની સામે એક ગોઝારો માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રક અને પીકઅપ વાન વચ્ચે થયેલી ટક્કર બાદ ભીષણ આગ લાગી હતી, જેમાં બે વ્યક્તિના કરૂણ મોત નીપજ્યા છે.

પ્રાથમિક માહિતી મુજબ, જાહેર રોડ પર ઊભેલી એક પીકઅપ વાનને પાછળથી પૂરપાટ ઝડપે આવતા એક ટ્રકે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે પીકઅપ વાનમાં તરત જ આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગવાનું મુખ્ય કારણ પીકઅપ વાનમાં ગેરકાયદેસર રીતે ડીઝલના કારબા ભરેલા હોવાનું જાણવા મળ્યું છે. આ ડીઝલને કારણે આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

આ દુર્ઘટનામાં પીકઅપ વાનમાં સવાર બે વ્યક્તિને બહાર નીકળવાનો સમય ન મળતા તેઓ જીવતા ભડથું થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસની ટીમ અને ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર ફાઈટર્સ દ્વારા ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને ટ્રક ડ્રાઇવર વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. આ ગમખ્વાર ઘટનાએ સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાવી દીધી છે. **રિપોર્ટ : કિરણ ગોહેલ**



## વડોદરામાં પ્રોહિબિશનના ૨૮ કેસ, ૨૫ પકડાયા

વડોદરા શહેરમાં ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ વિવિધ વિસ્તારોમાં પ્રોહિબિશનના કુલ ૨૮ કેસ નોંધાયા. શહેરના અલગ-અલગ સ્થળોએ થયેલી કાર્યવાહી દરમિયાન દેશી દારૂ, બિયર, એક કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો. પ્રાપ્ત વિગતો મુજબ ૨૩ લિટર દેશી દારૂ (અંદાજિત કિંમત રૂ. ૪,૬૦૦), એક બિયર બોટલ અને એક કાર મળી કુલ રૂ. ૩,૦૪,૭૧૫નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ કામગીરી દરમિયાન પીધેલા ૨૧ સહિત કુલ ૨૫ ઇસમોને અટક કરવામાં આવ્યા. શહેરમાં દારૂના કેસોની વધતી સંખ્યાએ ફરી એકવાર ચર્ચા જગાવી છે.

## કેજરીવાલની રાજકોટ મુલાકાત: OBC નેતા મહેશ રાઠોડ સાથે બેઠક

AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને ગુજરાત પ્રભારી ગોપાલ રાય રાજકોટની મુલાકાતે હતા. આ મુલાકાત દરમિયાન તેઓએ રાજકોટના લોકપ્રિય OBC નેતા અને જનતાના કામો માટે સતત સક્રિય રહેતા મહેશભાઈ રાઠોડ સાથે બેઠક કરી. મહેશભાઈ રાઠોડ રાજકોટમાં રોડ-રસ્તા અને પાણીની સમસ્યાઓ માટે નિયમિતપણે રજૂઆતો કરે છે. આ મુલાકાતને રાજકોટમાં AAPના સંગઠનને વધુ મજબૂત કરવાની દિશામાં મહત્વનું પગલું ગણવામાં આવે છે.



## લકુલીશ યોગાશ્રમ અરવલ્લીમાં ત્રીજા વર્ષના પ્રવેશ નિમિત્તે 'પ્રવેશ ઉત્સવ'

અરવલ્લી જિલ્લાના કંભરોડા ગામમાં સ્થિત પ્રસિદ્ધ લકુલીશ યોગાશ્રમ આજે (૧૫/૧૨/૨૦૨૫) તેની આધ્યાત્મિક સફરના ત્રીજા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે. આ મહત્વપૂર્ણ પડાવને યાદગાર બનાવવા માટે આશ્રમ પરિસરમાં ભવ્ય 'પ્રવેશ ઉત્સવ' નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને યોગના અનુયાયીઓ ઉમટી પડ્યા છે.

આ ઉત્સવ આશ્રમ દ્વારા છેલ્લા બે વર્ષમાં યોગ, ધ્યાન અને ભારતીય સનાતન મૂલ્યોના પ્રચાર-પ્રસારમાં મેળવેલી સફળતાનો આનંદ વ્યક્ત કરે છે. આ શુભ પ્રારંભે આશ્રમના મુખ્ય સંતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાન લકુલીશની વિશેષ પૂજા અને ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, આરોગ્ય અને આધ્યાત્મિક શાંતિ પર વ્યાખ્યાનો અને સત્સંગ કાર્યક્રમ પણ યોજાયો હતો.

આશ્રમની મેનેજમેન્ટ ટીમે જણાવ્યું હતું કે, "અમારા ત્રીજા વર્ષમાં પ્રવેશ નિમિત્તે અમે ખુશ છીએ. અમે વધુને વધુ યુવાનો અને લોકોને તણાવમુક્ત અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ."

આ કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ આશ્રમની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને આશ્રમને તેમના સહયોગની ખાતરી આપી હતી. પ્રવેશ ઉત્સવ સમાજના તમામ વર્ગના લોકોને યોગ અને આધ્યાત્મિકતાના માર્ગે જોડીને એક સ્વસ્થ અને શાંતિપૂર્ણ સમાજ નિર્માણના આશ્રમના સંકલ્પને મજબૂત બનાવે છે.



### લકુલીશ યોગાશ્રમ અરવલ્લીની આધ્યાત્મિક યાત્રામાં નવો માઈલસ્ટોન: 'પ્રવેશ ઉત્સવ'ની ભવ્ય ઉજવણી

## CID ક્રાઈમના PI સહિત બે આરોપી ₹૩૦ લાખની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર ખાતે લાંચ વિરોધી બ્યુરો (ACB) દ્વારા મોટી સફળતા મેળવવામાં આવી છે. CID ક્રાઈમ, સી.આઈ. સેલના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી પેથાભાઇ કરમશીભાઇ પટેલ અને કોન્સ્ટેબલ શ્રી વિપુલભાઇ બાબુભાઇ દેસાઈને ₹૩૦,૦૦,૦૦૦/-ની જંગી લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા છે. આ બંને પોલીસ કર્મચારીઓએ CID ક્રાઈમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૨૨/૨૦૨૪ ના કેસમાં ફરિયાદી અને તેમના મિત્ર વિરુદ્ધ કોઈ કાયદાકીય કાર્યવાહી ન કરવા માટે લાંચની માંગણી કરી હતી. ફરિયાદીએ લાંચ આપવાની જગ્યાએ અમદાવાદ

### પોલીસ ઇન્સ્પેક્ટર સહિત બે આરોપી લાંચ લેતા પકડાયા: ACBનું CID ક્રાઈમ પર સફળ ઓપરેશન

શહેર ACB પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી ડી.એન. પટેલનો સંપર્ક કર્યો અને છટકું ગોઠવવામાં આવ્યું. સરગાસણ, ગાંધીનગરના જાહેર માર્ગ પર ગોઠવાયેલા છટકામાં કોન્સ્ટેબલ વિપુલભાઈએ લાંચની રકમ સ્વીકારી, જ્યારે પીઆઈ પટેલે મદદગારી કરી. ACBની ટીમે લાંચની રકમ સાથે બંને આરોપીઓની ધરપકડ કરીને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

**રિપોર્ટ : સોહીલ શેખ**

## અમૂલ ડેરીના નવા ચેરમેન સાભેસિંહ પરમાર, વાઇસ ચેરમેન વિજય પટેલ

ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ – અમૂલ ડેરીના વહીવટી માળખામાં મહત્વપૂર્ણ ફેરફાર થયો છે. આજે સંઘના ચેરમેન તરીકે શ્રી સાભેસિંહ પરમાર અને વાઇસ ચેરમેન તરીકે શ્રી વિજયભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ પ્રસંગે રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નવા હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

અભિનંદન સમારોહમાં ગુજરાત પ્રદેશ સહકાર સેલના કન્વીનર શ્રી બિપિનભાઈ પટેલ (ગોતા), આણંદ જિલ્લા પ્રમુખ શ્રી સંજયભાઈ, ડેરીના તમામ ડિરેક્ટરશ્રીઓ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ અને પક્ષના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. આ વરણી ડેરીના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું ગણાય છે. શ્રી સાભેસિંહ પરમાર અને શ્રી વિજયભાઈ પટેલ અમૂલ ડેરીની પ્રગતિને આગળ ધપાવવા અને લાખો દૂધ ઉત્પાદકોના હિતોનું રક્ષણ કરવા માટે કામ કરશે. આ નવી ટીમ પર સહકારી ક્ષેત્રના વિકાસને વધુ વેગ આપવાની જવાબદારી રહેશે.

રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર



**વિશ્વ વિખ્યાત અમૂલ ડેરીના ચેરમેન પદે શ્રી સાભેસિંહ પરમાર અને વાઇસ ચેરમેન પદે શ્રી વિજયભાઈ પટેલની સર્વાનુમતે વરણી. સહકારી ક્ષેત્રના આગેવાનોએ પાઠવ્યા અભિનંદન.**

## કેશોદમાં પરશુરામ દાદાની પૂર્ણ કદ પ્રતિમા અનાવરણ કાર્યક્રમ આયોજન

કેશોદ શહેરમાં શરદચોક વિસ્તારમાં ભગવાન પરશુરામ દાદાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ આગામી ૨૯/૧૨/૨૦૨૫, સોમવારે સાંજે થવા જઈ રહ્યું છે. સમસ્ત બ્રહ્મસમાજ કેશોદના પ્રમુખ રાજુભાઈ પંડ્યાની રજૂઆતને નગરપાલિકાએ સ્વીકારતા આ કાર્યક્રમનું આયોજન થયું છે. આ અનાવરણ વિધિ કાર્યક્રમમાં કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, પંચાળા સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી અને રાષ્ટ્રીય મહામંત્રી મિલનભાઈ શુક્લ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના બ્રહ્મસમાજ અને સ્થાનિક જ્ઞાતિ-સમાજના આગેવાનો ઉપસ્થિત રહેશે. શ્રી રણછોડજી મંદિર ખાતે યોજાયેલી બેઠકમાં આ કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરાઈ હતી. પ્રતિમા અનાવરણ પહેલા સાંજે ૪:૦૦ કલાકે સુપ્રસિદ્ધ કલાકારો સાગરભાઈ રાવલ અને અનિતાબેન પ્રજાપતિ દ્વારા ભક્તિ સંધ્યા રજૂ કરાશે, ત્યારબાદ વૈદિક મંત્રોચ્ચાર સાથે મહાઆરતી ઉતારવામાં આવશે અને સમૂહ ભોજનનું પણ આયોજન કરાયું છે.

**રિપોર્ટ : હર્ષ ભરડા કેશોદ**



## બાબરાના શિક્ષક રાજેશભાઈ મેરને ગાંધીનગરમાં ગોલ્ડ મેડલથી સન્માન




બાબરા તાલુકાના નાની કુંડળ ખાતે આવેલી સરકારી ઉચ્ચ માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતા રાજેશભાઈ મેરે શિક્ષણ જગતમાં એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજેશભાઈ, જે મૂળ બોટાદ જિલ્લાના પાળીયાદ ગામના વતની છે અને એકેડેમી જ્ઞાન શાળા સાથે સંકળાયેલા છે, તેમને તેમની શૈક્ષણિક શ્રેષ્ઠતા બદલ ગાંધીનગર ખાતેની એકેડેમી દ્વારા વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું.

એકેડેમી દ્વારા આયોજિત કાર્યક્રમમાં રાજેશભાઈ મેરને ગોલ્ડ મેડલ અને શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન તેમની જ્ઞાન પ્રાપ્તિ અને શિક્ષણ સહાયક તરીકેની નિષ્ઠાનું ફળ છે. આ સિદ્ધિથી નાની કુંડળ શાળા, બાબરા તાલુકો અને સમગ્ર ભાવનગર/બોટાદ વિસ્તારના શિક્ષણ ક્ષેત્રે ગૌરવની લાગણી વ્યાપી છે.

આ સન્માનથી રાજેશભાઈએ અન્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓને પણ સખત મહેનત કરવા અને જ્ઞાન પ્રાપ્તિના ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા આપી છે.

**રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**

## રાજુલાની નર્સે ચાલુ બસમાં CPR આપી યુવકનો જીવ બચાવ્યો




અમરેલી જિલ્લાના રાજુલાની નામાંકિત સહજાનંદ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા દયાબેન મકવાણાની સમયસૂચકતા અને સેવાભાવને કારણે એક યુવકનો જીવ બચી ગયો છે. દયાબેન મકવાણા જાફરાબાદ-રાજકોટ એસટી બસમાં મુસાફરી કરી રહ્યા હતા. જ્યારે બસ બાબરા શહેર નજીક પહોંચી, ત્યારે કેવિનભાઈ નામનો એક યુવક અચાનક બેભાન થઈ ગયો હતો. તાત્કાલિક ૧૦૮ની મદદ પહોંચે તેમ ન હોવાથી, મુસાફરી કરી રહેલા નર્સ દયાબેન મકવાણાએ જરાય સમય બગાડ્યા વિના તાત્કાલિક કાર્યવાહી કરી. અન્ય એક નર્સ મહિલાના સહયોગથી તેમણે બેભાન થયેલા યુવકને ચાલુ બસમાં જ સીપીઆર (CPR) આપ્યું. નર્સ દયાબેનની આ માનવતાભરી પહેલથી યુવકનો જીવ બચાવી શકાયો હતો.

દયાબેને કહ્યું કે, "કોઈ વ્યક્તિનો જીવ બચાવવો એ જ આપણી માનવતા છે અને આ તો મારી ફરજ હતી." બસના અન્ય મુસાફરોએ દયાબેનની આ નિસ્વાર્થ સેવાને ખૂબ જ વખાણી હતી. **રીપોર્ટ - સરફરાઝ ખોખર અમરેલી**

## બહુચરાજીના સુરજ પ્રાથમિક શાળામાં દાતા દ્વારા રૂ. ૨ લાખનો નવીન ગેટ સમર્પિત



બહુચરાજી તાલુકાના સુરજ ગામની પ્રાથમિક શાળામાં સ્વ. ઠાકોર રત્નાજી ધનાજી પરિવાર તરફથી રૂ. ૨ લાખથી વધુના ખર્ચે તૈયાર કરાયેલા નવીન મુખ્ય ગેટનું ઉદ્ઘાટન થયું. અમરતજી, દિલુજી અને વિરમજી ઠાકોર સહિત દાતા પરિવારના સભ્યો હસ્તે આ ગેટનું લોકાર્પણ કરાયું. કાર્યક્રમમાં જિલ્લા-તાલુકાના રાજકીય આગેવાનો, અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને દાતા પરિવાર તરફથી ભોજનનું આયોજન કરાયું હતું. **રિપોર્ટ : ભુરાજી ઝાલા બહુચરાજી**

## શ્યામલ કાઉન્ટીમાં વરિષ્ઠ કોચ દ્વારા નિ:શુલ્ક બોડી ફેટ એનાલિસિસ કેમ્પ



શ્યામલ કાઉન્ટી ઓફિસ ખાતે 'ફ્રી બોડી ફેટ એનાલિસિસ કેમ્પ'નું સફળ આયોજન થયું. સવારે ૧૦ થી ૧ દરમિયાન યોજાયેલા આ કેમ્પમાં વરિષ્ઠ આરોગ્ય કોચ દ્વારા ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને માર્ગદર્શન અપાયું. કેમ્પમાં BMI, કુલ ચરબી, આંતરડાની ચરબી અને કેલરી બાળવાની ક્ષમતા જેવા સ્વાસ્થ્ય માપદંડોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેનો લાભ અનેક લોકોએ લીધો.

## જૂનાગઢ ST બસમાંથી દારૂની ૧૨૨ બોટલ ઝડપાઈ, હેરાફેરીનો પર્દાફાશ




જૂનાગઢમાં હવે દારૂની હેરાફેરી માટે સરકારી એસટી બસનો ઉપયોગ થતો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જુનાગઢ-પોરબંદર રૂટ પરની એક એસટી બસમાં પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન બસમાંથી વિદેશી દારૂની કુલ ૧૨૨ બોટલોનો મસ મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે દારૂનો જથ્થો કબજે કરીને આ હેરાફેરીમાં કોણ કોણ સંડોવાયેલું છે, તે અંગે સઘન તપાસ શરૂ કરી છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**